**ક્રિમિનલ અપીલ નં.૧૯૦/૨૦૨૬**

**આંકઃ ૦૪ ની અરજી નીચે હુકમઃ**

(૧) આ કામના એપેલન્ટ– મુળ આરોપીએ હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૪૩૦ મુજબ કરી, તેઓને આણંદના વિદ્વાન ચોથા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીએ ક્રિમિનલ કેસ નં.૩૦૨૨/૨૦૨૪ ના કામે તા.૨૨–૦૧–૨૦૨૬ ના રોજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી છ માસની સાદી કેદ તથા દંડ અને દંડની રકમમાંથી ફરિયાદીને વળતર ચુકવી આપવાના કરેલ હુકમ સામે તેઓએ અપીલ કરેલ છે અને વધુમાં એપેલન્ટ તરફે એવી રજૂઆત છે કે, એપેલન્ટ વિરૂદ્ધ સજા વોરંટ ઈસ્યુ થતાં તેઓની તા.૧૫–૪–૨૦૨૬ ના રોજ ધરપકડ થતાં જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવામાં આવેલા છે. કુટુંબના ભરણ–પોષણની જવાબદારી તેઓના શિરે છે. અપીલની સુનાવણી અને તેના નિર્ણયમાં વિલંબ થાય તેમ છે અને તેટલો સમય જેલમાં રહેવું પડે અને ફરમાવેલ સજા પૂર્ણ થઈ જાય અને હાલની અપીલ કરવાનો કોઈ હેતુ સરે નહીં તેમ હોઈ તેમજ એપેલન્ટ બચાવ માટે યોગ્ય કાર્યવાહી કરી શકે તેમજ ન્યાયનો હેતુ જળવાઈ રહે તેથી તેમજ એપેલન્ટ કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન તથા બોન્ડ આપવા ખુશી અને તૈયાર હોઈ તેમજ અરજદાર નિયમિત દર મુદતે હાજર રહેવાની ખાતરી આપતા હોઈ ટ્રાયલ કોર્ટે ફરમાવેલ સજા તથા વળતરનો કરેલ હુકમ અપીલના આખરી નિકાલ સુધી મોકૂફ રાખવા તથા યોગ્ય રકમના જામીન ઉપર મુક્ત કરવા વિનંતી કરેલી છે.

(૨) એપેલન્ટ – મુળ આરોપીની અરજી વંચાણે લીધી. પક્ષકારોની રજૂઆતો ધ્યાને લીધી તથા ટ્રાયલ કોર્ટનો ઠરાવ વંચાણે લીધો. ટ્રાયલ કોર્ટે છ માસની સાદી કેદની સજા, દંડ અને વળતરનો હુકમ કરેલ છે. એપેલન્ટે તે સામે અપીલ કરેલ છે. સદર ગુનો

જામીનપાત્ર છે. સદર તમામ હકીકતોને ધ્યાને લેતાં તેમજ ચેકની રકમના ૨૦ ટકા રકમ ડિપોઝીટ પેટે જમા લઈ ટ્રાયલ કોર્ટે ફરમાવેલ સજાનો હુકમ હાલ અપીલના આખરી નિકાલ સુધી મોકૂફ રાખવો ઉચિત જણાય છે. એપેલન્ટ– આરોપીને જામીન ઉપર છોડવામાં ન આવે તો તેઓને મળેલ બંધારણીય હક્ક છીનવાઈ જાય તેમ હોઈ ટ્રાયલ કોર્ટે ફરમાવેલ સજાનો હુકમ અપીલના આખરી નિકાલ થતાં સુધી મોકૂફ રાખી એપેલન્ટ– આરોપીને કેટલીક શરતોને આધીન અપીલ ચાલતાં દરમ્યાન જામીન મુક્ત કરવા ન્યાયના હિતમાં યોગ્ય અને વ્યાજબી જણાતું હોઈ નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–/ હુ ક મ /–**

(૧) એપેલન્ટ– મુળ આરોપીની હાલની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) એપેલન્ટ– આરોપીને આણંદના વિદ્વાન ચોથા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીએ ક્રિમિનલ કેસ નં.૩૦૨૨/૨૦૨૪ ના કામે તારીખઃ ૨૨–૦૧–૨૦૨૬ ના રોજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ફરમાવેલ કેદની સજા તથા દંડ અને વળતરના હુકમનો અમલ એપેલન્ટ– આરોપીએ ચેકની રકમના ૨૦ ટકા રકમ ડિપોઝીટ પેટે અત્રેની અદાલતમાં સદર હુકમની તારીખથી ૬૦ દિવસમાં જમા કરાવેથી સદર અપીલના આખરી નિકાલ સુધી મોકૂફ રાખવાનો તેમજ એપેલન્ટે રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ–**

(૧) એપેલન્ટ–આરોપીએ પુરાવા સાથે પોતાના હાલના તેમજ કાયમી રહેઠાણનું સરનામું પુરસીસથી અત્રેની અદાલતમાં જાહેર કરવું અને રહેઠાણનું સ્થળ બદલાય તો અત્રેની અદાલતને તેની જાણ કરવી.

(૨) એપેલન્ટ – આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન ઉપર છુટયા બાદ અત્રેની કોર્ટમાં દિન–૭ માં રજૂ કરવો અને પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગે સોગંદનામું રજૂ કરવું.

(૩) એપેલન્ટ– આરોપીએ આ કોર્ટની પૂર્વપરવાનગી વીના ભારત દેશની હદ છોડવી નહી.

(૪) એપેલન્ટ– આરોપીએ અપીલના કામે નિયમિત અદાલતમાં હાજર રહેવું.

એપેલન્ટ – આરોપીએ જામીન અત્રેની અદાલત સમક્ષ આપવા.

હુકમ મુજબની જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખઃ ૦૧ માહેઃ મે સનેઃ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

આણંદ.

તારીખઃ ૦૧–૦૫–૨૦૨૬.

**(સંજયકુમાર લવજીભાઈ ઠક્કર)**
પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ,
આણંદ.
(કોડ નં.જી.જે.૦૦૫૮૮)

IBRaval